અપીલ અરજી નં.૯૧ તા.૧૦–૬–૧૦/૧૧

અરજદારઃ– શ્રી અનવર એ. ઘાંચી

સામાવાળાઃ– ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (જનસંપર્ક)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી અનવર એ. ઘાંચીની તા.૨૧–૪–૧૦ ની અરજીથી વર્ષ ૨૦૧૦–૧૧ ની મહાનગરપાલિકાની ડાયરીની અમુક માહિતી મેળવવા બાબતે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૦–૬–૧૦ ની **SMC/FAP/** નં.૯૧/૨૦૧૦–૧૧

શ્રી અનવર એ. ઘાંચીની તા.૨૧–૪–૧૦ ની અરજીથી વર્ષ ૨૦૧૦–૧૧ ની મહાનગરપાલિકાની ડાયરીની અમુક માહિતી મેળવવા બાબતે મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી આપવા બાબતે માહિતી કોઈ નિર્ણય ન મળવાથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૦–૬–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૩૬૦ તા.૧૬–૬–૧૦ થી ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (જનસંપર્ક)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ માહિતી મળેલ નથી.

અરજદારની તા.૨૧–૪–૧૦ થી અરજીથી સુરત મહાનગરપાલિકાની વર્ષ ૨૦૧૦–૧૧ ની ડાયરીની અમુક માહિતી મેળવવા મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી જનસંપર્ક વિભાગને સેન્ટ્રલઝોનમાં કરવામાં આવેલ. જેમાં મુદ્દા નં.૧ ડાયરીમાં છાપવામાં આવેલ ન્યુઝ પેપરના નામો કયા આધારે છાપવામાં આવેલ છે. આધારની નકલ આપવી. મુદ્દા નં.૨ ડાયરી વિતરણ બાબતે અલગ અલગ ન્યુઝ પેપર પત્રકાર પ્રતિનિધિ, કેટલી ડાયરીઓ ફાળવવામાં આવેલ છે. તેમજ કયા આધારે ફાળવેલ છે. તેના અધારની નકલ આપવા વિનંતી. મુદ્દા નં.(૩) સુરત સિવાયના શહેરથી પ્રકાશિત થતા ન્યુઝ પેપરના નામો ડાયરીમાં પ્રસિધ્ધ થઈ શકતા હોય તો સ્થાનિક ન્યુઝ પેપરના નામો પ્રસિધ્ધ ન કરવાના ઠોસ કારણ આપવા. મુદ્દા નં.૪ નામ દાખલ કરવા માટે કોઈ આધાર પુરાવા માંગેલ હોય તો જેઓના નામ દાખલ કરેલ નથી તેવાને પાઠવેલ પત્રોની નકલો આપવા વિનંતી. મુદ્દા નં.૫ ઈલેકટ્રોનીક ચેનલોના નામ દાખલ કરેલ હોવાથી તેઓએ રજૂ કરેલ પુરાવાની નકલ આપવા વિનંતી. આમ મુદ્દા નં ૧ થી ૫ ની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી આપવામાં આવેલ જણાતી નથી તથા આરટીઆઈ કાયદાની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી. જેથી અરજદારને ડાયરી બાબતે કોઈ પણ માહિતી કે નિર્ણય ન મળવાથી તા.૧૦–૬–૧૦ ના રોજ અપીલ અરજી કરી માહિતી અપાવવા અને નહીં આપનાર વિરુધ્ધ કાર્યવાહી કરવા જણાવી અપીલ અરજી કરેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૨૧–૪–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પૂરી પડાયેલ ન હોઈ દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં સદર માહિતી પૂરી પાડવા ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી જનસંપર્કને જણાવવામાં આવે છે.

વધુમાં અરજદારે અપીલમાં રજૂ કરેલ કાર્યવાહી કરવાની સત્તા આરટીઆઈ કાયદાની કલમ–૨૦ મુજબ રાજય માહિતી આયોગને છે.

નં.આરટીઆઈસેલ/

તારીખ : –૭–૧૦

ડે.કમિશ્નર (જનરલ)

અને એપેલેટ ઓફિસર

સુરત મહાનગર પાલિકા

પ્રતિ,

(૧) ડે.કમિશ્નર(પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (જનસંપર્ક)... ..જાણ તથા અમલ માટે

(૨) શ્રી અનવર એ. ઘાંચી,